દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

મંગળવાર ૧૦ નવેમ્બર, ૨૦૨૬

પાકિસ્તાન-ચીન-બાંગ્લાદેશની ધરી રચાઇ રહી છે?: ભારત માટે નવી સુરક્ષા ચિંતા

બાંગ્લાદેશમાં હસીના સરકારનું પતન થયું અને વચગાળાની યુનુસ સરકાર રચાઇ તે વખતે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે તનાવભર્યા સંજોગો સર્જાયા હતા અને ત્યારે પાકિસ્તાન સાથે બાંગ્લાદેશની નિકટતા વધી હતી જે હજી પણ વધેલી જ જણાય છે. બાંગ્લાદેશમાં ચૂંટણી થઇ, વચગાળાની સરકારનો અંત આવ્યો, બીએનપીની નવી તારીક સરકાર રચાઇ, આ સરકારની રચના પછી ભારત સાથેના બાંગ્લાદેશના સંબંધો કંઇક સુધર્યા, તે છતાં બાંગ્લાદેશમાં શાસક પક્ષ સહિતના પક્ષોમાં હવે પાકિસ્તાન તરફી લાગણી ધરાવનારાઓની સંખ્યા વધેલી જણાય છે અને આવા સંજોગોમાં ભારત માટે વધુ એક ચિંતાજનક અહેવાલ આવ્યા છે અને આ અહેવાલ ભારત વિરુદ્ધ પાકિસ્તાન-ચીન-બાંગ્લાદેશની ધરી રચાઇ રહી હોવાનો સંકેત આપે છે.

અહેવાલ એવા છે કે ચીન આવતા વર્ષે બાંગ્લાદેશને આશરે ૨૨ હજાર કરોડ રૂપિયાના જે-સિરીઝ ફાઇટર જેટ આપશે. અને આમાં નવી બાબત એ છે કે બાંગ્લાદેશના ફાઇટર પાયલોટોને આ વિમાનો ઉડાડવાની તાલીમ પાકિસ્તાનનું હવાઇ દળ આપશે. આ માટે પાકિસ્તાની ટ્રેનર્સ ભારતીય સરહદથી આશરે 40 કિલોમીટર દૂર બાંગ્લાદેશના જેસ્સોર એરબેઝ પર પાયલોટ્સને તાલીમ આપી શકે છે. પાકિસ્તાનની વાયુ સેના 2022થી ચીનમાં બનેલા જે-સિરીઝ ફાઇટર જેટ ઉડાવી રહી છે. ચીન પછી પાકિસ્તાન પાસે આ વિમાનોનો સૌથી મોટો કાફલો છે. આ જ કારણસર તેની પાસે આ વિમાનોને ઉડાડવાનો સૌથી વધુ અનુભવ પણ છે. ચીન, પાકિસ્તાન અને બાંગ્લાદેશની વાયુસેનાના અધિકારીઓની ડિસેમ્બરમાં ઢાકામાં બેઠક પણ થશે. ઢાકામાં યોજનાર જોઈન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ પાકિસ્તાની એરફોર્સ બાંગ્લાદેશી હવાઇ દળના પાયલોટ્સને તાલીમ આપશે. આ ઉપરાંત રડારથી દુશ્મનના વિમાનોની ઓળખ કરવા અને તેના પર નજર રાખનારા કંટ્રોલર્સને પણ તાલીમ આપવામાં આવશે. ગ્રાઉન્ડ ક્રૂ માટે પણ અલગ અભ્યાસક્રમો ચલાવવામાં આવશે. એમ જણાવા મળે છે કે પાકિસ્તાનના એર વાઇસ માર્શલ નેતૃત્વમાં પાંચ સભ્યોની એક ટીમ હાલમાં ઢાકા પહોંચી ચૂકી છે. આ ટીમે ત્યાંના એરબેઝ અને અન્ય જરૂરી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું અને સાથે જ ટેકનિકલ તાલીમ અને સિમ્યુલેટરના લેવડ-દેવડની યોજના પણ તૈયાર કરી હોવાનું જાણવા મળે છે. ચીનની વાયુસેના સાથે તેની ટેકનિકલ ટીમો અને ડેટા લિંક સિસ્ટમ પણ કામ કરે છે. આવી સ્થિતિમાં આશંકા છે કે ભવિષ્યમાં એલએસી(LAC) પર ભારત અને ચીન વચ્ચે તણાવ વધે ત્યારે બાંગ્લાદેશના રડારથી મળતી માહિતી ચીનના સૈન્ય નેટવર્ક સુધી પહોંચી શકે છે. ચીનની સેના ટેક્ટિકલ ડેટા લિંક(TDL) ટેકનિકનો ઉપયોગ કરે છે. તેના દ્વારા ફાઇટર જેટ અને જમીન પર હાજર સૈન્ય કમાન્ડ એકબીજા સાથે જોડાયેલા રહે છે. તેઓ રડારથી મળેલી તસવીરો અને દુશ્મનના ઠેકાણાઓની માહિતી આપસમાં શેર કરી શકે છે. સંરક્ષણ વિશ્લેષકોના મતે, ચીને એક્સએસ-3 (XS-3) નામની હાઇ-બેન્ડવિડ્થ બ્રોડબેન્ડ લિંક પણ તૈયાર કરી છે. તેનો ઉપયોગ લડાકુ વિમાનો, બોમ્બવર્ષક વિમાનો અને ડ્રોનને એક નેટવર્ક સાથે જોડવા માટે કરવામાં આવે છે. વિશ્લેષકોનું માનવું છે કે પાકિસ્તાન પછી હવે બાંગ્લાદેશ પણ ચીનની આ ટેકનિકનો ઉપયોગ કરી શકે છે.

બાંગ્લાદેશ, પાકિસ્તાન અને ચીન વચ્ચેના આ લશ્કરી સહકાર બાબતે ભારત માટે એક મોટી ચિંતા સિલિગુડી કોરિડોર છે. આ આશરે 20 થી 22 કિલોમીટર પહોળો પટ્ટો છે, જે ઉત્તર-પૂર્વના રાજ્યોને દેશના બાકીના હિસ્સા સાથે જોડે છે. આ વિસ્તાર પર પહેલેથી જ ચીનનું દબાણ છે. બાંગ્લાદેશના લાલમોટ કે કુર્મીટોલા જેવા એરબેઝ પર લાંબા અંતર સુધી હુમલો કરનારા ફાઇટર જેટ તૈનાત થવાથી આખો આ વિસ્તાર તેમની પહોંચમાં આવી શકે છે. આ સાંકડી કોરીડોરને ચીકન નેક પણ કહેવામાં આવે છે કારણ તે મરઘીની ડોક જેવી સાંકડી કોરીડોર છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે યુનુસ સરકાર વખતે જ્યારે તનાવ ચરમસીમાએ હતો ત્યારે બાંગ્લાદેશના એક નેતા આ ચીકન નેકને કાપી નાખવાની વાત પણ કરી ચુક્યા હતા. ચીન અને બાંગ્લાદેશ વચ્ચે વધતો સહકાર અને તેમાં વળી પાકિસ્તાનની ઉમેરાતી ભાગીદારી ભારત માટે આ ક્ષેત્ર બાબતે ચિંતામાં વધારો કરી શકે છે. વળી ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં અનેક ઉગ્રવાદી સંગઠનો સક્રિય છે. અગાઉ પણ બાંગ્લાદેશના રસ્તે આ સંગઠનો સુધી હથિયારો અને અન્ય સંચાર સાધનો પહોંચવાની ઘટનાઓ સામે આવી ચૂકી છે. મ્યાનમાર સરહદેથી તો આ ઉગ્રવાદી સંગઠનોને મદદ મળે જ છે, ક્યારેક બાંગ્લાદેશ સરહદેથી પણ તેમને શસ્તો અને અન્ય પ્રકારની મદદ પહોંચાડવામાં આવતી હોવાનું જણાય છે. આવી સ્થિતિમાં બાંગ્લાદેશમાં ચીન અને પાકિસ્તાનની વધતી સૈન્ય ઉપસ્થિતિ ભારત માટે નવો સુરક્ષા પડકાર બની શકે છે.

સર્જન પહેલાં

કોલેજના દિવસોથી મૃણાલિની સુંદર કવિતાઓ લખતી હતી. શબ્દો તેના માટે માત્ર અક્ષરો કે ભાષા નહોતા; એ તો મનની બારીમાંથી દેખાતી દુનિયા હતી. તે સુંદર લખતી પણ જે દિવસથી તેણે પોતાની કવિતાઓને ઇનામ, પ્રસિદ્ધિ અને પ્રશંસાના ત્રાજવે તોલવાનું શરૂ કર્યું ત્યારે એક એક શબ્દ લખતાં પહેલાં તે વિચારતી, 'આ લોકોને ગમશે? આને કેટલા વાચકો મળશે? કોઈ વખાણશે? કોઈ પ્રકાશક છાપશે?'



મૃણાલિની જ્યારથી આ બધા પ્રશ્નોમાં અટવાઈ ત્યારથી ધીમે ધીમે શબ્દો આવવાનું બંધ થઈ ગયું. બહુ વિચારતી પણ લોકોને ગમશે કે નહિ ગમે તેમાં અટવાઈને આગળ લખી શકતી નહિ.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

એક ચોમાસાની સાંજે તે બારી પાસે બેઠી હતી. આકાશ વાદળોથી ભરેલું હતું, પણ વરસાદ આવતો નહોતો. તેણે ડાયરી ખોલી અને લખ્યું, 'આજે વરસાદ આવ્યો નહીં...પણ હું રાહ જોઉં છું ...' પછી પેન મૂકી દીધી. તેને લાગ્યું કે આટલી સામાન્ય પંક્તિમાં શું ખાસ છે? આ પંક્તિમાં લોકો વખાણ કરે તેવું કંઈ નથી. એ જ સમયે ઘરની બહાર એક નાની બાળકી કાગળની હોડી લઈને ઊભી હતી. બાળકીની માતાએ પૂછ્યું, 'વરસાદ નથી તો હોડી ક્યાં ચલાવીશ?' માસુમ બાળકીએ જવાબ આપ્યો, 'મમ્મી, વરસાદ આવશે ત્યારે પાણીમાં હોડી ચલાવીશ. અત્યારે તો મને કાગળમાંથી હોડી બનાવવાની મજા આવે છે!" નાનકડી બાળકીના આ નિર્દોષ શબ્દો સાંભળી મૃણાલિનીના મનમાં જાણે કોઈ બંધ બારી ખૂલી. તેણે ફરી ડાયરી હાથમાં લીધી. વરસાદ ન આવવાની વાતમાંથી રાહ જોવાની વાતમાંથી તેને વરસાદની રાહ જોતા ખેડૂતો યાદ આવ્યા, પાણીની ટાંકી પાસે ઊભેલી સ્ત્રીઓ યાદ આવી અને કાળાં વાદળોને જોઈને ખુશ થતાં બાળકો યાદ આવ્યાં. એક નાનકડી પંક્તિમાંથી આખી કવિતા જન્મી.આ વખતે તેણે કવિતા કોઈને બતાવવા માટે નહીં, પણ પોતાની અંદર અટવાયેલા શબ્દોને મુક્ત કરવા લખી. કવિતા પ્રસિદ્ધ થશે કે નહિ, તેની ચિંતા તેણે કરી નહીં. પરંતુ થોડા મહિના પછી એક અજાણ્યા વાચકનો પત્ર આવ્યો: 'તમારી કવિતામાં રાહ ને સુંદર અર્થ મળ્યો છે... હું પણ સૈન્યમાં કામ કરતા મારા પિતાની ચાતક નજરે રાહ જોઉં છું. તમે મારા જીવનની લાગણીને શબ્દો આપ્યા." મૃણાલિનીને ત્યારે સમજાયું કે લેખક દરેક વાચક સુધી પહોંચી શકે નહીં, પણ સાચી લાગણી ક્યારેક એક હૃદય સુધી પણ પહોંચે તો સર્જન સાર્થક બને છે. કોઇ પણ સર્જન પહેલાં પ્રશંસાની શરત મૂકો તો મનની કલ્પના ડરી જાય છે...પેન અટકી જાય છે... શબ્દો ગાયબ થઇ જાય છે...હિંમત તૂટી જાય છે... પહેલાં મનનું સત્ય લખો; પછી દુનિયા સુધી પહોંચવાનો રસ્તો શોધો. વરસાદની રાહ જોવી અને હોડી બનાવવી–બંનેની પોતાની મજા છે.

સેવાના દીવાથી બીજાના ઘરમાં અજવાળું કરનાર કોણ?

શિક્ષણ-સંસ્કાર
કાર્તિકેય ભટ્ટ

હજુ હમણાં જ ૧૭ ઓક્ટોબરે આપણા વડાપ્રધાનશ્રીનો જન્મદિવસ હતો. સાથે તેમની રાજકીય કારકિર્દીનાં પચ્ચીસ વર્ષ પૂરાં થતાં હતાં. આ ઉપલક્ષ્યમાં પચ્ચીસ વર્ષની સેવાનાં વર્ષો પૂર્ણ થયાં તે સંદર્ભે નમો સેવા અભિયાન ચલાવ્યું અને દરેક સરકારી વિભાગને સેવાનાં પચ્ચીસ વર્ષ ઉજવવા આશીર્વાદનો દીવો પ્રગટાવવા કહ્યું. મતલબ કે દરેક વિભાગ પોતાની સરકારી યોજનાઓના લાભ સામાન્ય જનતા સુધી પહોંચાડે અને લાભાર્થીઓને આ સમયગાળામાં સામેથી તેમના લાભની જાણકારી આપે અથવા લાભની વહેંચણી કરે. સરકારનો કાર્યક્રમ સારો હતો, પણ પછી સરકારે જ પૂછ્યું નથી કે કયા ખાતાએ આ સેવાનો દીવો પ્રગટાવ્યો? કોણે સામાન્ય જનતાને લાભ પહોંચાડીને આશીર્વાદ મેળવ્યા? આ દિવાળીએ કયા સરકારી ખાતાની કામગીરીથી સામાન્ય જનતાનાં ઘરમાં અજવાળું પથરાયું? આ વાત આજે એટલા માટે યાદ આવી કે ગાંધીનગરમાં વિવિધ સરકારી કચેરીઓની બહાર ચાની કે નાસ્તાની લારીએ નવરાશની પળોમાં ઊભા હોઈએ અને કર્મચારીઓની વાતો સાંભળીએ તો નવાઈ લાગે. વ્યક્તિગત રીતે હું ભ્રષ્ટાચાર નથી કરતો એવું કહેનારા લોકો અમારા ખાતામાં જ સૌથી વધુ ખવાય છે એવી ચર્ચા હોંશભેર કરતા હોય છે. કોના ખાતામાં ભ્રષ્ટાચાર વધુ તે નક્કી કરવાની હોડ લાગી હોય છે. એક કહે છે કે મહેસૂલ જેટલો ભ્રષ્ટાચાર બીજે ન હોય, તો બીજો કહે છે કે ગૃહ એટલે કે પોલીસ ખાતામાં હપ્તારાજ બહુ વગોવાયું છે. તો ત્રીજો કહે છે કે અલ્યા, તમે આ બધી જૂની વાતો મૂકો, અમારા શિક્ષણ ખાતામાં તો બધું જ બહુ વધ્યું છે... અને "બધું જ" પર ભાર મૂકતાં બધા હસવા લાગે.

ભારતમાં ભ્રષ્ટાચાર લોટમાં મીઠાની જેમ ભળી ગયો છે. સરકાર ઓપરેશન ગંગાજળ ખરેખર અમલમાં મૂકે તો સરકારી ખાતામાં મોટાપાયે ભરતી કરવી પડે એવી હાલત છે. પણ આજે વિક્રમના નવા વર્ષમાં એક જુદી વાત કરવી છે. એક નાનો દીવો ક્યાંક પ્રગટેલો છે તેની વાત કરવી છે. કયા ખાતામાં વધુમાં વધુ ભ્રષ્ટાચાર થાય છે તેની કાયમ ચર્ચા થાય છે, ઉગ્ર રીતે થાય છે, તો

કયા ખાતામાં વધુમાં વધુ ભ્રષ્ટાચાર થાય છે તેની કાયમ ચર્ચા થાય છે, ઉગ્ર રીતે થાય છે, તો ક્યાં સૌથી ઓછો ભ્રષ્ટાચાર થાય છે તે પણ આપણે કહેવું જોઈએ, જેથી બીજા ખાતાં તેમાંથી પ્રેરણા લઈ શકે

ક્યાં સૌથી ઓછો ભ્રષ્ટાચાર થાય છે તે પણ આપણે કહેવું જોઈએ, જેથી બીજા ખાતાં તેમાંથી પ્રેરણા લઈ શકે.

ગાંધીનગરમાં પેન્શન એન્ડ પ્રોવિડન્ટ ફંડની કચેરી છે. આ કચેરી તમને જુદો અનુભવ કરાવી શકે છે. નાની આશા પણ જો જીવતી હોય તો તે આ બ્લોક નંબર ૧૮માં જીવે છે. એવું નથી કે કોઈને ત્યાં ફરિયાદ જ નથી, પણ એ ફરિયાદ માટે જવાબદાર ઘણી વાર આ કચેરી નથી હોતી. હોશેહોશે ચૂંટી નાખેલી સરકાર અને તેના બનાવેલા નિયમો જ ઘણી ફરિયાદોનાં મૂળમાં હોય છે. હિસાબકિતાબ રાખનારી કચેરીએ લખેલું પાળવાનું હોય છે અને લખેલું પાળવામાં આ કચેરી ઘણા અંશે પ્રમાણિકપણે કામ કરે છે.

સરકારે વર્ષ ૨૦૨૨માં એવું સ્વીકારેલું કે વર્ષ ૨૦૦૫ પહેલાં ગુજરાતમાં ફિક્સ પગારમાં લાગ્યા હશે તે કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવામાં આવશે. ગુજરાત સરકારના આગેવાન નેતાએ પ્રેસમાં આપેલી મુલાકાત બાદ ભવ્ય જીત મળતાં સરકાર આ માટે પરિપત્ર કરવાનું ભૂલી ગઈ અને છેક ૨૦૨૪માં કેન્દ્રની ચૂંટણીમાં બહુમતીથી દૂર રહેવાની અસર એવી આવી કે ૨૦૨૫માં સરકારે કેબિનેટમાં આ ઠરાવને સ્વીકૃતિ આપી કે ૨૦૦૫ પહેલાંના કર્મચારીઓને જૂની પેન્શન યોજના મળશે.

હવે વાત સત્તાવાર હતી. આમ તો આ જાહેરાત એક જ લીટીની હતી, પણ બીજી કોઈ પણ યોજના કે લાભની જાહેરાત કરતાં આ જાહેરાતનો અમલ વિશિષ્ટ અને ગૂંચવણભર્યો હતો, કારણ કે વર્ષ ૨૦૦૫ પહેલાં લગભગ ૬૦,૦૦૦, હા, સાઠ હજાર કર્મચારીઓ ફિક્સ પગારમાં લાગ્યા હતા અને નવી મૂલ્યવર્ધિત પેન્શન યોજનામાં જોડાયા હતા, જે એનપીએસ (NPS)ના નામે ઓળખાય છે. અહીં કર્મચારીનું ફંડ પેન્શન ફંડ કંપનીઓમાં લાગેલું હોય છે, જે અંતે શેરબજારમાં ફરતું હોય છે. હવે આ કર્મચારીઓનું ફંડ ત્યાંથી લઈ સરકારી જનરલ પ્રોવિડન્ટ ફંડમાં ટ્રાન્સફર કરવાનું અને આ દરમિયાન જે નિવૃત્ત થયા અને અવસાન પામ્યા તેમને તેમનો હિસ્સો પરત કરવાનો! ટૂંકમાં ૬૦,૦૦૦ ખાતાઓનું સંચાલન કરવાનું.

આ માટે કઈ કાર્યપ્રણાલી અપનાવવી તેનો નાણા વિભાગે ત્રણ મહિના પછી પરિપત્ર કર્યો. આ કામગીરીમાં બે વિભાગ મુખ્ય બન્યા: એક, કર્મચારી જે વિભાગમાં નોકરી કરતો હોય તે અને બીજું પેન્શન એન્ડ પ્રોવિડન્ટ ફંડની કચેરી. એટલે કે શિક્ષક હોય તેના કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને પેન્શન કચેરી, મહેસૂલ વિભાગમાં હોય તો મહેસૂલ અને પેન્શન કચેરી...

વર્ષ ૨૦૨૫માં પરિપત્ર થયા પછી તેના અમલમાં જૂન ૨૦૨૬ આવ્યો અને ત્યાર બાદ એસઓપી સ્પષ્ટ થવાથી કામ ગતિમાં આવ્યું. આ લખાઈ રહ્યું છે ત્યારે પેન્શન કચેરીએ અનેક કર્મચારીઓનાં ફંડ જીપીએફમાં ટ્રાન્સફર કર્યાં છે અને એકાદ-બે વર્ષથી નિવૃત્ત થઈ પેન્શનની રાહ જોતા આ કર્મચારીઓના પેન્શન ઓર્ડર કર્યા છે. અને હા, આ આખાયમાં ક્યાંય લેતીદેતી થતી નથી. વર્ષોથી અનેક કર્મચારીઓનો અનુભવ છે કે અમારી ઑફિસ કે વિભાગ ફાઈલ મોકલવા માટે ગડબડ કરે છે, પણ ફાઈલ પેન્શન કચેરી પહોંચે પછી ત્યાં નિયમ સિવાય કશું અટકાવતું નથી. આ કચેરીએ આ વખતે પણ કોઈ અભિયાનનો ભાર રાખ્યા વગર સેવાનો દીવો કર્યો અને અનેક નિવૃત્ત કર્મચારીઓના ઘરમાં અજવાળું પાથર્યું. સરકારી ખાતાઓની વ્યાપક ટીકા વચ્ચે આવી થોડીક સારી વાત પણ નોંધવી, જેથી ગુજરાતી નવું વર્ષ સારું જાય!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

તહેવારો માનવીનું સાચું ઓળખપત્ર છે..!

મંગલ મસ્તી
રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

તહેવારો ઊર્જાનું અપડેટ છે. આ વાત ભલે તત્ત્વજ્ઞાનથી વરેલી લાગે, બાકી તહેવાર હોય કે વ્યવહાર હોય, પ્રસંગ આવે ને માણસ સુઉઉન મારી જાય. એક સમય હતો કે તહેવાર અને વ્યવહાર શટલ રિક્ષાની જેમ સચવાતા. પ્રસંગની રાહ જોવાતી. એકમેકને મળવાનો ઉન્માદ રહેતો અને પૂર્વતૈયારીમાં પણ આનંદ આવતો. આજે એમાં પણ 'ડિજિટલ ચેન્જ' આવ્યો હોય એમ તહેવારો 'ગુડ મોર્નિંગ-ગુડ નાઈટ' જેવા સસ્તા બની ગયા, તહેવાર પ્રમાણેના 'ઈમોજી' મોકલ્યા એટલે વાર્તા પૂરી! તું તારા ઘેર ને હું મારા ઘેર! હો ગઈ દિવાળી!

એક સમય હતો કે છઠ્ઠું છોકરું જન્મ્યું હોય તો પણ સગાંવહાલાં હરખપદુડાં બનતાં. રમાડવાનો અવસર કાઢી મનથી વ્યવહાર ભરેલા રહેતા. તહેવારોની પણ એવી જાહોજલાલી રહેતી! દેવું કરીને પણ ખિસ્સાં ખંખેરતા. આજે તો મેસેજથી મોબાઈલ ભરી દે. લગ્નની કંકોતરી પણ 'ફોટો મેસેજ'થી ફરતી થવા માંડી અને ચાંલ્લો પણ ઑનલાઇન થવા માંડ્યો. એના કપાળમાં કાંદા ફોડું, એમાં પણ લગ્નના ચાંદલા જેવો વ્યવહાર આવી ગયો. તહેવારો મનની નહીં, પણ ઉછીના વ્યવહારની ઊર્જા બની ગયા.

તહેવારો એટલે 'ડિસ્ચાર્જ' થઈ ગયેલા સંબંધોને 'ચાર્જિંગ' કરવાનો અવસર! પાડોશી સાથે આખું વર્ષ ભલે ભાજપ અને કૉંગ્રેસ જેવા મારફાડ સંબંધ રહ્યા હોય, પણ ઉત્તરાયણ આવે એટલે ધાબે સંબંધ સુધારી લે કે, 'એ તારો કાઈપો છે હંઅઅકે?' વણસેલા સંબંધ સુધારવા પતંગને નિમિત્ત બનાવે! સફેદ કપડામાં ભલે આખું વર્ષ ફરતા હોય, તમારો વિરોધી તમને રંગ છાંટીને વ્યવહાર સુધારી દે તો માનવું કે સંબંધની રંગોળી બની ગઈ. તહેવારો સંકટ સમયની સાંકળ છે.

એમાં પાછી અંદરની મીઠાઈ ભલે ખંભાતના હલવાસન જેવી હોય, પણ પેકિંગ એવું આકર્ષક હોય કે ખોલે ત્યારે જ ખબર પડે કે બહાર ભલે દિવાળી છે, પણ અંદરથી કાળી ચૌદશ નીકળે! લેનારની આંખ ભલે આપનારની આંખ સાથે મંડાયેલી હોય, પણ હાથમાં બોક્સ લઈને કહે, 'અરેરે આની શું જરૂર હતી?'

મજા તો ત્યારે આવે કે એ બોક્સ ચલણી નોટની માફક પાંચ-છ જણાને ત્યાંથી ફરતું ફરતું જ આવ્યું હોય. આખું વર્ષ જેમણે ગોળનો ગાંગડો ન ખવડાવ્યો હોય એ વળી મીઠાઈ લાવે? સવારે બીજા માળવાળાએ ચોથા માળવાળાને બોક્સ આપ્યું હોય. ચોથા માળવાળાએ ભોંયતળિયાવાળાને પધરાવ્યું હોય ને ભોંયતળિયાવાળાએ ત્રીજા માળવાળાને આપ્યું હોય, એમ એક જ બોક્સ આખા એપાર્ટમેન્ટમાં ફરતું હોય! બોક્સ ઉપર પાછું લખ્યું હોય કે, ચોખ્ખી ભેંસના ચોખ્ખા દૂધમાંથી બનાવેલી મીઠાઈ! એના કપાળમાં કાંદા ફોડું, મીઠાઈ પણ ચોખ્ખી ન હોય, માણસ પણ ચોખ્ખો ન હોય ને વ્યવહાર પણ ચોખ્ખો ન હોય! મીઠાઈનું બોક્સ ખાવા કરતાં ચલણી નોટની માફક ફેરવવામાં જ વધારે વપરાયું હોય! આ પણ એક અભિનય છે ને મામૂ?

સો વાતની એક વાત કે, તહેવારો આવે ત્યારે જ માનવીની સાચી ઓળખ થાય. પ્રસંગ કે તહેવાર આવે ત્યારે જ સમજાય કે કોણ કેટલા કેરેટનો છે. માનવી એના વ્યવહારથી ઓળખાતો હોય. ગઈ દિવાળી પછી પહેલી વાર આવે છતાં દબડાવે આપણને, 'કેમ આજકાલ દેખાતા નથી?' તારા કપાળમાં કાંદા ફોડું? દિવાળીએ આવે એટલે દૂરથી જ 'નમસ્તે. નમસ્તે. હેપ્પી દિવાળી' કરતો આવે તો સમજી લેવું કે આ દર્શન કરવા નહીં, સ્વદર્શન આપવા આવ્યો છે.

આપણને પણ થાય કે આ હમણાં જ ક્યાંથી ટપકી પડ્યો? એટલે જુએ ત્યાંથી મેવા-મીઠાઈ ઊંચે ચઢવા માંડે! આવ્યા પછી શબ્દોનાં એવા અત્તર છાંટે કે આપણને શંકા જાય કે બંદો વ્યવહારુ બની ગયો! આ પણ માત્ર અભિનય છે, પણ સામી દિવાળીએ બગાડે કોણ? આપણા તહેવાર અને વ્યવહાર આમ જ ટકેલા છે! જેમાં ફટાકડા કરતાં લોકોના દંભની રોશનીથી સૌના શ્વાસ ધબકે છે.

સંવત બદલાતાં નવા હિસાબ લખાવા માંડે. નવા હિસાબ માટે

આજે એમાં પણ 'ડિજિટલ ચેન્જ' આવ્યો હોય એમ તહેવારો 'ગુડ મોર્નિંગ-ગુડ નાઈટ' જેવા સસ્તા બની ગયા, તહેવાર પ્રમાણેના 'ઈમોજી' મોકલ્યા એટલે વાર્તા પૂરી! તું તારા ઘેર ને હું મારા ઘેર! હો ગઈ દિવાળી!

ચોપડાપૂજન થાય. ત્યારે સમજાય કે ફલાણાએ તો પૈસા ચૂકવ્યા જ નથી. એટલે ચોપડાપૂજન ગાળપ્રદાનની પણ વિધિ બની જતી હોય. જે હોય તે, તહેવાર એટલે વ્યવહારનું ક્ષેપક! વ્યવહાર પણ 'સર્વિસ' માગે ત્યારે તહેવારનો સહારો શોધે. એ માટે દિવાળી મજબૂત આધારસ્તંભ છે. ભલે ૩૬૫ દિવસના કેલેન્ડરનાં પાનાં ફાડ્યાં ત્યાં સુધી ઘરે આવ્યો ન હોય, પણ દિવાળીએ આવીને ઊભો રહે એ પણ એક અભિનય છે.

નવું વર્ષ આવે એટલે કેલેન્ડર બદલાય, તારીખ બદલાય અને કેટલાક લોકોનાં દિલમાં અચાનક લાગણીનો નવો પેક ખૂલે. આખું વર્ષ એકબીજાને યાદ ન કરનારા લોકો પણ ૩૧ ડિસેમ્બરની રાતે ફોન હાથમાં લઈને સંબંધોની વાર્ષિક સર્વિસિંગ શરૂ કરે છે. નૂતન વર્ષાભિનંદન બોલી ફુવારા પણ છોડે કે, 'ભગવાન કરે તમારું વર્ષ સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ભરેલું રહે.' આવું જ એ ગયા વર્ષે પણ ફેંકી ગયેલો. શબ્દો એના એ જ, માત્ર તારીખ અને સંવત બદલાય.

શુભેચ્છકોના પણ પ્રકાર હોય મામૂ! કેટલાક બ્રેકફાસ્ટ શુભેચ્છકો હોય તો કેટલાક બ્રોડકાસ્ટ શુભેચ્છકો જેવા! એક જ મેસેજમાં તમને ભીંજવી નાખે. એના ઈમોજી જોઈને એમ જ લાગે કે આ બંદો ઋષિ અગસ્ત્યનો વારસદાર હોવો જોઈએ. આ બધામાં સૌથી નિર્દોષ લોકો એ છે, જે ખરેખર યાદ કરીને ફોન કરે છે. "કેમ છે? બહુ સમયથી વાત નહોતી થઈ." એમના અવાજમાં નવું વર્ષ ઓછું અને જૂનો સ્નેહ વધારે દેખાય. એમની શુભેચ્છા કોપી-પેસ્ટ નથી; એમાં થોડું સ્મરણ, થોડું હાસ્ય અને સાચો સંબંધ હોય છે. બકા, સંબંધોનું રિન્યૂઅલ કેલેન્ડરથી નહીં, યાદ રાખવાથી થાય છે. સાલમુબારકનો મેસેજ મોકલવો સારી વાત છે, પણ આખું વર્ષ કોઈની ખબર ન પૂછો તો ૧ જાન્યુઆરીનો એક ઈમોજી સંબંધને તાજો નહીં કરી શકે. જૂના ફોનમાં નવું કવર ચઢાવવાથી ફોન નવો બનતો નથી.!

લાસ્ટ બોલ

અલ્યા, આજ સવારસવારમાં ક્યાં ગયો હતો?
દિવાળીની ખરીદી કરવા!
અચ્છા, શું લાવ્યો?
એક જગ અને થોડાક મગ!
એટલે?
એ બેને ભેગાં કરીશ એટલે
દિવાળી ઝગમગ ઝગમગ થયા કરશે.
તારા કપાળમાં કાંદા ફોડું!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

80-90ની દિવાળી સામે આજની દિવાળી!

80-90ના દાયકાની દિવાળીની મજા જ કંઈક અલગ હતી. ત્યારે દિવાળી આવવાના દિવસો પહેલાંથી જ ઘરમાં ઉત્સાહ જોવા મળતો. ઘરની સાફસફાઈ, રંગરોગાન, આંગણામાં રંગોળી, માટીનાં દીવડાં અને ફટાકડાની ખરીદીમાં આખું કુટુંબ જોડાતું. નવા કપડાં પહેરવા, સગાંસંબંધીઓને મળવા અને મિત્રો સાથે ફટાકડા ફોડવા માટે બાળકો આતુર રહેતાં. મીઠાઈ પણ ઘરે જ બનતી અને પાડોશમાં એકબીજાને નાસ્તો મોકલવાની પરંપરા હતી. ત્યારે મોબાઈલ કે સોશિયલ મીડિયાનો જમાનો નહોતો, છતાં લોકો એકબીજાની નજીક હતા. આજની દિવાળી ઘણી બદલાઈ ગઈ છે. હવે ઓનલાઈન ખરીદી, તૈયાર મીઠાઈ, મોંઘી ભેટસોગાદો, લાઈટિંગ અને સોશિયલ મીડિયા પર શુભેચ્છાઓનો ટ્રેન્ડ છે. લોકો પાસે સુવિધાઓ વધી છે, પરંતુ સમયની અછત પણ વધી છે. પરિવાર સાથે બેસીને વાતો કરવાની અને પાડોશીઓને મળવાની પરંપરા ધીમે ધીમે ઘટી રહી છે. સમય પ્રમાણે ઉજવણીની રીત બદલાય એ સ્વાભાવિક છે, પરંતુ દિવાળીનો સાચો આનંદ દેખાડામાં નહીં, પ્રેમ, લાગણી અને પરિવાર સાથે વિતાવેલી પળોમાં છે. જૂની દિવાળીની સાદગી અને આજની સુવિધાનો સમન્વય થાય તો પર્વની ખુશી બમણી થઈ શકે.

સુરત - ડીમ્પલ વેગડ

નવા વર્ષની નવી શરૂઆત કેટલી સાચી?

ગુજરાતી નવું વર્ષ આવે એટલે લોકો એકબીજાને સાલમુબારક કહીને નવી શરૂઆતની શુભેચ્છાઓ આપે છે. વેપારીઓ નવા ચોપડા શરૂ કરે છે, પરિવારો સ્નેહમિલન કરે છે અને લોકો નવા સંકલ્પો લે છે. પરંતુ થોડા દિવસોમાં જ ઘણા સંકલ્પો ભૂલાઈ જાય છે. સમયસર ઊઠવું, બચત કરવી, સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું, ગુસ્સો ઓછો કરવો અને સંબંધોને સમય આપવો જેવા નિર્ધારો માત્ર નવા વર્ષની શરૂઆત પૂરતા જ કેમ રહે છે? નવું વર્ષ માત્ર તારીખ બદલાવાની ઘટના નથી, પરંતુ પોતાની ભૂલોનું મૂલ્યાંકન કરીને જીવનમાં સુધારો લાવવાની તક પણ છે. શુભેચ્છાઓ આપવી સારી વાત છે, પરંતુ પોતાના વ્યવહારમાં પરિવર્તન લાવવું વધુ મહત્ત્વનું છે. દર વર્ષે આપણે એકબીજાને સુખ, સમૃદ્ધિ અને પ્રગતિની શુભકામનાઓ આપીએ છીએ, પરંતુ આ બધું મેળવવા માટે પોતે કેટલા પ્રયત્નશીલ છીએ? નવું વર્ષ બદલાય છે, તો શું આપણી આદતો પણ બદલાય છે?

ભરૂચ - રશ્મિ પરમાર

તહેવાર પછીનો સમય ક્યાં જાય છે?

દિવાળીથી લઈને નવા વર્ષ સુધી સતત ઉજવણી, મહેમાનોની અવરજવર, ખરીદી અને પ્રવાસનો માહોલ રહે છે. પરંતુ તહેવારો પૂરા થતાં જ રોજિંદી દોડધામ ફરી શરૂ થાય છે. ખાસ કરીને વિદ્યાર્થીઓ અને નોકરીયાત વર્ગ માટે તહેવારો પછીનો સમય પોતાની બાકી રહેલી જવાબદારીઓ પૂર્ણ કરવાનો હોય છે. ઘણા લોકો તહેવારોમાં એટલો ખર્ચ કરી નાખે છે કે પછીના દિવસોમાં બજેટ ખોરવાઈ જાય છે. બીજી તરફ, વેકેશન દરમિયાન પરિવાર સાથે સમય પસાર કરવો, વાંચન, પ્રવાસ કે કોઈ નવું કૌશલ્ય શીખવું પણ શક્ય છે. પરંતુ આજકાલ રજાના દિવસો પણ મોબાઈલ, વેબ સિરીઝ અને સોશિયલ મીડિયામાં પસાર થઈ જાય છે. રજા એટલે માત્ર કામથી વિરામ નહીં, પરંતુ પોતાની જાત અને પરિવાર માટે સમય કાઢવાની તક પણ છે. તહેવારોની રજાઓમાં આપણે ખરેખર આરામ કરીએ છીએ કે પછી ઉજવણી અને ખર્ચની થાકેલી દોડમાંથી બહાર આવવામાં જ દિવસો પસાર કરીએ છીએ?

સુરત રાજ જરીવાલા

સોલો ટ્રીપનો ક્રેઝ!

આજની જનરેશનમાં સોલો ટ્રીપનો ક્રેઝ ઝડપથી વધી રહ્યો છે. પહેલાં લોકો ફરવા જવાનું આયોજન પરિવાર કે મિત્રો સાથે કરતા હતા, પરંતુ હવે ઘણા લોકો એકલા જ અજાણી જગ્યાએ નીકળી પડે છે. ખાસ કરીને દિવાળી જેવી લાંબી રજાઓમાં કેટલાક લોકો પરિવાર સાથે તહેવાર ઊજવવાને બદલે પોતાની જાતને સમય આપવાનું પસંદ કરે છે. સોલો ટ્રીપના સમર્થકો માને છે કે પોતાની સાથે સમય પસાર કરવો, પોતાની પસંદગી પ્રમાણે ફરવું અને કોઈની જવાબદારી વિના જીવન માણવું પણ જરૂરી છે. બીજી તરફ કેટલાક લોકો માને છે કે તહેવારોનું સાચું મહત્ત્વ જ પરિવાર સાથે રહેવામાં છે. પોતાની ખુશી માટે સંબંધોથી દૂર જવું કેટલું યોગ્ય? શું એકલા ફરવું સ્વતંત્રતાની નિશાની છે કે પછી આજના સમયમાં વધતી જતી વ્યક્તિગત જીવનશૈલીનું પરિણામ? શું પરિવાર સાથે દિવાળી ઊજવવી જૂની પરંપરા બની રહી છે? કે સોલો ટ્રીપનો શોખ હોવા છતાં પરિવારને સમય આપવો એટલો જ જરૂરી છે?

સુરત - નિકુંજ કેશોદવાળા

સ્વચ્છ રસોડું, સુરક્ષિત ભોજન!

આજકાલ બહાર જમવાનો શોખ વધી રહ્યો છે. પરિવાર સાથે હોટેલમાં જવું, મિત્રો સાથે રેસ્ટોરન્ટમાં ભોજન માણવું કે ઓનલાઈન ફૂડ મંગાવવું સામાન્ય બાબત બની ગઈ છે. પરંતુ ભોજનનો સ્વાદ માણતી વખતે તેની ગુણવત્તા અને સ્વચ્છતા વિશે આપણે કેટલું વિચારીએ છીએ? રસોડામાં ગંદકી હોય, વાસી શાકભાજી વપરાતાં હોય કે ખાદ્યપદાર્થો ખુલ્લા રાખવામાં આવતા હોય તો સ્વાદિષ્ટ ભોજન પણ સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા હોટેલો અને રેસ્ટોરન્ટમાં તપાસની સાથે રસોડામાં સીસીટીવી કેમેરા લગાવી ગ્રાહકોને લાઈવ દૃશ્યો બતાવવાની પહેલ આવકારદાયક છે. પરંતુ માત્ર કેમેરા લગાવવાથી સ્વચ્છતાની ખાતરી મળતી નથી. નિયમિત તપાસ, ખાદ્યપદાર્થોના નમૂનાનું પરીક્ષણ અને નિયમોનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહી પણ જરૂરી છે.હોટેલ સંચાલકોએ પણ નફા કરતાં ગ્રાહકોના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવી જોઈએ. ગ્રાહકોએ પણ સસ્તા અને આકર્ષક ભોજનની લાલચમાં ગુણવત્તા સાથે બાંધછોડ ન કરવી જોઈએ. સ્વચ્છ રસોડું અને શુદ્ધ ભોજન એ ગ્રાહકનો અધિકાર છે, કોઈ ઉપકાર નહીં.

સચીન - અંકિત ત્રિવેદી

લાભપાંચમ: શુભ મુહૂર્ત કે મહેનતની શરૂઆત?

દિવાળી પછી આવતી લાભપાંચમને વેપારીઓ માટે નવા વર્ષની સાચી શરૂઆત માનવામાં આવે છે. આ દિવસે દુકાનો અને વ્યવસાય ફરી શરૂ થાય છે, ચોપડાપૂજન થાય છે અને નવા હિસાબની શરૂઆત કરવામાં આવે છે. પરંતુ સવાલ એ છે કે શું માત્ર શુભ મુહૂર્તમાં દુકાન ખોલવાથી જ લાભ થાય છે? વ્યવસાયમાં સફળતા માટે ગ્રાહકનો વિશ્વાસ, ગુણવત્તા, યોગ્ય ભાવ અને પ્રામાણિક વ્યવહાર પણ એટલાં જ જરૂરી છે. આજના ડિજિટલ યુગમાં વેપારની પદ્ધતિ બદલાઈ છે, પરંતુ ગ્રાહકને સારી સેવા આપવાનું મહત્ત્વ આજે પણ એટલું જ છે. શુભ દિવસ નવી શરૂઆત કરવાની પ્રેરણા આપે છે, પરંતુ એ શરૂઆતને સફળ બનાવવાની જવાબદારી તો આપણી મહેનતની જ છે. આખરે, લાભપાંચમનો સાચો લાભ ચોપડામાં નોંધાયેલા આંકડામાં છે કે આખું વર્ષ જળવાઈ રહેતા વિશ્વાસમાં?

સુરત - ઉમેશ આહીર

રિવાજ એ કાયદો બની જાય છે

ખાસ કરીને સુરતનાં સુરતીઓને કેન્દ્રમાં રાખી વાત કરું તો હાલમાં દશેરો આવીને ગયો ત્યાર બાદ ચંદી પડવો ગયો. ઘણા ઘરમાં એવો પરંપરાગત રિવાજ હોય છે કે દશેરામાં ફાફડા -જલેબી ખાવાના તથા ચંદી પડવામાં છાપરે બેસી (અગાસી) ઘારી તથા સુરતી ભુસું ખાવું. શું આડે દિવસે આ બધું ખાઈ શકતાં નથી? ખાઈ શકે છે પણ વર્ષો પુરાણા આવા રિવાજને મૂળ સુરતી દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે. સમાજમાં જે આવા ઉત્સવમાં ખાતા નથી તે ઘરથી જાણે આબરૂ જતી રહે છે. ને માટે પરાણે પણ આવા ઉત્સવમાં ખાણીપીણીમાં જોડાવું પડે છે.

સુરત - મહેશ આઈ. ડોકટર